**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

તા.૨૩/૦૩/૨૦૨૩

# ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટ

પ્રતિશ્રી,
શ્લોક્મ ડેવલોપર્સ પ્રા.લી.
સરનામુ: ૨૦/બી,શ્રી રામ સોસાયટી,
વિસનગર રોડ,વિજાપુર,મહેસાણા-૩૮૨૮૭૦.

વિષય:- મોજે-સરગારણ તા.જી.ગાંધીનગરની સીમના બ્લોક/સર્વેનં. ૧૨/૨ વાળી હે.આરે.ચો.મી ૦-૩૨-૩૭(૩૨૩૭ ચો.મી) વાળી જમીન જેનો ટી.પી.સ્કીમ નં.૦૮ (સરગાસણ)મા સમાવેશ થતા ફાઈનલ પ્લોટ નં.૯ મુજબની ૨૦૮૭ ચો.મી બિન-ખેતી થયેલ જમીન અંગે ટાઈટલ સર્ટીફિકેટ આપવા બાબત.



Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટશ્રી યોગેશ એમ, બ્રહ્મભટ્ટ સમક્ષ તમોએ સદર જમીન અંગે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરી નીચે મુજબના જરૂરી પુરાવાઓ પુરા પાડી રજુ કરેલ પુરાવા મુજબ સદર જમીન ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગે પ્રમાણપત્રની માંગણી કરેલ છે.જેના પુરાવાની વિગત નીચે મુજબની છે.

(૧) મોજે સરગાસણ ની સીમના સર્વે નં.૧૨/૨ ગામ નમુના નં.૭નો ઉતારો

(૨) મોજે સરગાસણ ની સીમના સર્વે નં.૧૨/૨ ગામ નમુના નં.૧૨નો ઉતારો

(૩) મોજે સરગાસણ ની સીમના સર્વે નં.૧૨/૨ ગામ નમુના નં.૭/૧૨ના સને ૧૯૫૨-૫૩ થી ૨૦૦૩-૦૪ ના ઉતારા

(૪) મોજે સરગાસણની સીમના સર્વે નં.૧૨/૨ ગામ નમુના નં.૬ ના હક્ક પત્રકની નોંધની નકલો

(૫) મોજે સરગાસણની સીમના સર્વે નં.૧૨/૨ ના પૈકી ભાગ ૧૬૧૮.૫ ચો.મી જમીનના રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૦૧૨૮/૨૦૧૯ની નકલ

(૬) મોજે સરગાસણની સીમના સર્વે નં.૧૨/૨ ના પૈકી ભાગ ૧૬૧૮.૫ ચો.મી જમીનના રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૩૦૬/૨૦૨૨ની નકલ

(૭) મોજે સરગાસણની સીમના સર્વે નં.૧૨/૨ ના પૈકી ભાગ ૧૬૧૮.૫ ચો.મી જમીન રજી વે.દસ્તાવેજ નં.૨૩૦૬/૨૦૨૨ અંગે સુધારાનો લેખ રજી.દસ્તાવેજ નં. ૫૬૭૫/૨૦૨૨ની નકલ

(૮) મોજે સરગાસણની સીમના સર્વે નં.૧૨/૨ હે.આરે.ચો.મી ૦-૩૨-૩૭ ટી.પી. સ્કીમ નં.૮(સરગાસણ) માં સમાવેશ થતા ફાળવાયેલ એફ.પી.નં.૯ મુજબ ૨૦૮૭ ચો.મી જમીન અંગે રજી.વેચાણ દસ્તાવેજ નં.૫૭૩૬,તા.૦૭/૦૨/૨૦૨૩ ની નકલ

(૯) અમો એડવોકેટશ્રી મારફતે તા.૧૪/૦૩/૨૦૨૩ નારોજ "સંદેશ" ન્યુઝ પેપરમાં જત ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના રજી.સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે સરગાસણ ગામની સીમના સર્વે નં.૧૨/૨ ગામ હે.આરે.ચો.મી.૦-૩૨-૩૭ (૩૨૩૭ ચો.મી.) વાળી



Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

મિલ્કત અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપતા અગાઉ પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ.

(૧૦) મોજે સરગાસણ ગામની સીમના સર્વે નં.૧૨/૨ વાળી જુની શરતની ખેતીની જમીન વાળી મિલ્કત અંગે તા.૨૩/૦૩/૨૦૨૩ નારોજ સબ-રજીસ્ટ્રારશ્રી કચેરી,ગાંધીનગર ખાતે અરજી પહોંચ નં.૨૦૨૩૦૪૮૦૦૦૨૩૨૭૫ અરજી નં. ૮૮૦૧ થી તા.૨૩/૦૩/૨૦૨૩ નારોજનો શોધનો સર્ચ રીપોર્ટ.

**પરિશિષ્ટ**

| ગામ/મોજે | બ્લોક/સર્વે નં | ક્ષેત્રફળ (હે.આરેચો.મી) | આકાર રૂ.પૈસા | સતા પ્રકાર |
|---|---|---|---|---|
| સરગાસણ તા.જી. ગાંધીનગર | ૧૨/૨ | ૦-૩૨-૩૭ (૩૨૩૭ ચો.મી) પૈકી ટી.પી સ્કીમ નં.૦૮ (સરગાસણ) મા સમાવેશ થતા ફાયનલ પ્લોટ નં.૦૯ મુજબ ફાળવાયેલ ૨૦૮૭ ચો.મી જમીન | ૨.૦૬ | બિન-ખેતી |

એ રીતેના ઉપરોક્ત વર્ણનવાળી ખેતીની જમીનને હવે પછી આ કામે સરળતા ખાતર "સદર જમીન" એ રીતે સંબોધવામા આવેલ છે.

(૨) સદરહુ સર્વે નં. ૧૨/૨ વાળી જમીન સૌપ્રથમ કબજા હક્કથી વા. મહોતજી રવજીના ખાતે દાખલ થયેલ જેની રેવન્યુ રેકર્ડ કબજા હક્કની નોંધ નં.૨૩૯ થી પડેલ છે.

ત્યારબાદ વાઘેલા મહોતજી રવજી તા.૦૩/૦૪/૧૯૫૪ નારોજ મૈયત થયેલ હોઈ તેમના વારસદાર વાઘેલા જીવણજી મહોતજીનુ નામ સદર જમીનમાં વારસાઈ હક્કેથી દાખલ થયેલ જેની વારસાઈ નોંધ રેવન્યુ રેકર્ડ નોંધ નં.૪૫૨થી પડેલ છે અને સદર નોંધ પ્રમાણિત થયેલ છે.

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

# YOGESH M.BRAHMBHATT

B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com


ત્યારબાદ સદરહુ જમીન અંગે હિસ્સા ફોરમ નં.૧૨ મુજબ સદર જમીન હિસ્સાપત્રક મુજબ સર્વે નં.૧૨/૨ મા ચાલતા કબજેદારના નામ મુજબ જીવણજી મહોતજી તથા જવાનજી કુબેરજીના ખાતે દાખલ થયેલ જેની હિસ્સાપત્રક મુજબની નોંધ રેવન્યુ રેકર્ડ નોંધ નં.૯૪૧ થી તા.૨૨/૧૨/૧૯૬૫ના રોજ પડેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ દલપતજી મગનજીનાએ ધી ગુજરાત સ્ટેટ કો લેન્ડ બેંકમાંથી લીધેલ ધિરાણ ભરપાઇ કરતા સદર જમીન તારણમુક્ત કરાવેલ જેની તારણમાંથી મુક્તીની નોંધ નં.૯૮૧ થી પડેલ છે. જે નોંધ સદર સર્વે નંબરને લાગુ પડતી નથી.

ત્યારબાદ સદર જમીનનો સમાવેશ મોજે.સરગાસણ ગામના રેવન્યુ રેકર્ડમાં ટુકડા તરીકે થતા તેના ટુકડા મુજબની હુકમની નોંધ નં.૧૨૫૯ થી રેવન્યુ રેકર્ડમાં થયેલ છે.

ત્યારબાદ સદર જમીનની પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગરના હુકમ નં. પીઓ/જમીન/ટુ.ધા/વશીથી તા. ૧૮/૦૭/૧૯૯૦ થી સરગાસણ ગામની કુવા/બોરથી પિયત થતી જમીન અંગે કાયમી ધોરણે પિયત થવાથી ટુકડામાંથી કમી કરવા અંગેની નોંધ ૧૬૯૬ થી તા. ૧૯/૧૧/૧૯૯૦ રોજ પડેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનમાં જવાનજી કુબેરજી તા.૧૪/૦૪/૨૦૦૦ નારોજ મૈયત થયેલા હોઇ તેમના વારસો રજેસીંગ જવાનજી તથા વાઘેલા ઘનશ્યામસિંહના નામો વારસાઇ હક્કે દાખલ થયેલ જેની રેવન્યુ રેકર્ડ વારસાઇ નોંધ નં.૨૬૮૫ થી તા.૧૯/૦૧/૨૦૦૫ નારોજ પડેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ છે.

સદર સર્વે નંબરવાળી જમીનમાં વાઘેલા જીવણજી મહોતજી જેઓ તા.૨૨/૦૩/૨૦૧૧ નારોજ અવસાન થયેલ હોઇ તેમના વારસદારો ૧. તખુબા જીવણજી વાઘેલા ૨. પ્રભાતસિંહ જીવણજી વાઘેલા ૩. મનહરબા જીવણજી વાઘેલા ૪. જશવંતસિંહ જીવણજી વાઘેલા ૫. મહોબતસિંહ જીવણજી વાઘેલાના નામો વારસાઇથી દાખલ થયેલ જેની રેવન્યુ રેકર્ડ વારસાઇ નોંધ નં.૪૬૪૨ થી

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

તા.૦૮/૦૭/૨૦૧૧ નારોજ પડેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાંથી ૧.તખુબા તે જીવણજીની વિધવા પત્ની અને ૨. મનહરબા જીવણજીનાએ પોતાનો તમામ હકક હિસ્સો ૧. પ્રભાતસિંહ જીવણજી વાઘેલા ૨. જશવંતસિંહ જીવણજી વાઘેલા ૩. મહોબતસિંહ જીવણજી વાઘેલાની તરફેણમાં હક્ક જતો કરેલ હોઈ તેમની અરજી સોંગદનામા આધારે હકક કમી અંગેની નોંધ નં.૪૬૮૧ થી તા.૨૦/૦૮/૨૦૧૧ નારોજ પડેલ અને સદર નોંધ ૭/૧૨ ના રેકર્ડમાં નામ ચાલતા ન હોવાના શેરાથી તા.૨૮/૦૯/૨૦૧૧ નારોજ રદ થયેલ અને ત્યારબાદ સદરહુ હકક કમીની નોંધ નં. ૪૭૪૩થી તા.૧૩/૧૦/૨૦૧૧ નારોજ પડેલ અને સદર નોંધ તા.૨૯/૧૧/૨૦૧૧ નારોજ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ સર્વે નં.૧૨/૨ વાળી જમીનનો કુલ ક્ષેત્રફળ ૩૨૩૭ ચો.મી. ની જમીન પૈકી વણવહેંચાયેલ ક્ષેત્રફળ ૧૬૧૮.૫ ચો.મી. વાળી જમીન જેનો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના (ટી.પી.સ્કીમ) નં.૮ (સરગાસણ) માં થતા ફાળવાયેલ ફાયનલ પ્લોટ નં.૯ જેનુ ટી.પી.સ્કીમ મુજબ ક્ષેત્રફળ ૨૦૮૭ ચો.મી. પૈકી વ.વ.ક્ષેત્રફળ ૧૦૪૩.૫૦ ચો.મી. વાળી જમીન ૧.રજેસિંહ જવાનજી વાઘેલા ૨.ઘનશ્યામસિંહ જવાનજી વાઘેલાનાઓએ પ્રમુખભાઈ ડાહ્યાભાઈ પટેલને રજી.દ.નં.૨૦૧૨૮ થી તા.૧૯/૦૯/૨૦૧૯ નારોજ વેચાણ આપતા વેચાણ દસ્તાવેજની નકલ, ઈન્ડેક્ષની નકલ આધારે ખેડુત ખેડુત વચ્ચેનુ વેચાણ હોઈ સદરહુ જમીનના પૈકી ભાગના વેચાણની નોંધ નં.૭૦૧૮થી તા.૨૪/૦૯/૨૦૧૯ નારોજ પડેલ જેની રેવન્યુ રેકર્ડે નોંધ તા.૦૬/૧૨/૨૦૧૯ નારોજ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે પ્રભાતસિંહ જીવણજી વાઘેલા વિગેરેનાઓએ મે.પ્રાંત અધિકારી ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ અપીલ/કેસ દાખલ કરેલ પરંતુ વિવાદીની વિવાદ અરજ સમયમર્યાદા મુદ્દે દફતરે કરવા અંગે અને કેસ રજીસ્ટરેથી કમી



Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

કરવા અંગેનો હુકમ મે.પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગરના હુકમ નં.દા.સુ./આર.ટી.એસ/અપીલ/એસ.આર.નં.૧૫૨/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૧ નારોજ ના હુકમ મુજબની રેવન્યુ રેકર્ડ નોંધ નં.૭૭૯૪ થી તા.૧૨/૦૮/૨૦૨૧ નારોજ પડેલ અને સદર હુકમની નોંધ તા.૨૨/૦૯/૨૦૨૧ નારોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદર સર્વે નંબરવાળી જમીનમાં પ્રભાતસિંહ જીવણજી વાઘેલાએ પોતાની હયાતીમાં તેમના વારસદારો ૧. કમળાબેન પ્રભાતસિંહ વાઘેલા ૨.હેતલબેન પ્રભાતસિંહ વાઘેલા ૩.નીતાબેન પ્રભાતસિંહ વાઘેલા ૪.નિશાબેન પ્રભાતસિંહ વાઘેલા ૫. બળવંતસિંહ પ્રભાતસિંહ વાઘેલાના નામો સહહિસ્સેદાર તરીકે સદર જમીનમાં દાખલ થયેલ જેની હયાતી હક્ક દાખલ અંગેની નોંધ નં.૭૮૯૪ થી તા.૧૩/૧૦/૨૦૨૧ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદર સર્વે નંબરવાળી જમીનમાં મહોબતસિંહ જીવણજી વાઘેલાએ પોતાની હયાતીમાં તેમના વારસદારો ૧. ભાવનાબેન મહોબતસિંહ વાઘેલા ૨.બિનલ મહોબતસિંહ વાઘેલા ૩.પ્રદિપસિંહ મહોબતસિંહ વાઘેલા ૪.કુલદિપસિંહ મહોબતસિંહ વાઘેલાના નામો સહહિસ્સેદાર તરીકે સદર જમીનમાં દાખલ થયેલ જેની હયાતી હક્ક દાખલ અંગેની નોંધ નં.૭૮૯૫ થી તા.૧૩/૧૦/૨૦૨૧ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૧૬/૧૨/૨૦૨૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદર સર્વે નંબરવાળી જમીનમાં જશવંતસિંહ જીવણજી વાઘેલાએ પોતાની હયાતીમાં તેમના વારસદારો ૧. ધર્મિષ્ઠાબેન જશવંતસિંહ વાઘેલા ૨.ચેતનાબા જશવંતસિંહ વાઘેલા ૩.શકિતસિંહ જશવંતસિંહ વાઘેલાના નામો સહહિસ્સેદાર તરીકે સદર જમીનમાં દાખલ થયેલ જેની હયાતી હક્ક દાખલ અંગેની નોંધ નં.૭૮૯૬ થી તા.૧૩/૧૦/૨૦૨૧ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

ત્યારબાદ સદરહુ સર્વે નં.૧૨/૨ વાળી જમીન જેનુ કુલ ક્ષેત્રફળ ૩૨૩૮ ચો.મી.જમીનનો ટી.પી સ્કીમ નં.૦૮ મા સમાવેશ થતા ફાળવાયેલ ૨૦૮૭ ચો.મી જમીન માટે પ્રમુખભાઇ ડાહ્યાભાઇ પટેલ વિગેરેએ બિનખેતી પરવાનગી મેળવવા માટેની અરજ તા.૨૧/૦૯/૨૦૨૧ નારોજ કરતા કલેકટરશ્રી ગાંધીનગરના તા.૩૦/૧૧/૨૦૨૧ ના હુકમ નં.૨૩૫૫/૦૬/૦૩/૦૩૯/૨૦૨૧ મુજબ બિનખેતી હેતુ માટેની હુકમ આધારે મંજુરી મળતા સદર જમીનના બિનખેતીની હુકમની નોંધ નં.૭૯૨૫ થી તા.૨૩/૧૧/૨૦૨૧ નારોજ પડેલ છે અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૧૫/૦૧/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલી છે.

ત્યારબાદ સદરહુ જમીન સર્વે નં ૧૨/૨ જેનુ કુલ ક્ષેત્રફળ ૩૨૩૮ જમીન પૈકીની વ.વ. ૧૬૧૮.૫૦ ચો.મી જમીન જેનો ટી.પી.સ્કીમમાં ફાળવાયેલ ફાયનલ પ્લોટ નંબર-૯ આપવામાં આવેલ ૨૦૮૭ ચો.મી. નક્કી કરવામાં આવેલ તે પૈકી વ.વ. ૧૦૪૩.૫૦ ચો.મી. રહેણાકીય ઉપયોગી બિનખેતીની જમીન તા.૨૦/૦૧/૨૦૨૨ નારોજ રજી.દસ્તાવેજ નં.૨૩૦૬ થી પ્રમુખભાઇ ડાહ્યાભાઇ પટેલનાએ સદરહુ જમીનના પૈકી ભાગલાના સહહિસ્સેદારો ૧. જસવંતસિંહ જીવણજી વાઘેલા ૨. પ્રભાતસિંહ જીવણજી વાઘેલા ૩. મહોબતસિંહ જીવણજી વાઘેલાનાઓને વેચાણ આપતા સદર જમીનમાં વેચાણની નોંધ થયેલ જેના રેવન્યુ રેકર્ડ નોંધ નં.૭૯૮૦ થી તા.૨૭/૦૧/૨૦૨૨ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા તા.૦૫/૦૩/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં ચેતનબા જસવંતસિંહ વાઘેલાની દિકરી અને રાજેંદ્રસિંહના પત્નીનાએ સદરહુ સર્વે નં.૧૨/૨ કુલ ક્ષેત્રફળ ૩૨૩૮ જમીન પૈકીની વ.વ. ૧૬૧૮.૫૦ ચો.મી જમીનમાંથી પોતાનો હક્ક હિત હિસ્સાની જુની શરતની જમીન ૧. જશવંતસિંહ જીવણજી વાઘેલા ૨.ધર્મિષ્ઠાબેન જશવંતસિંહ વાઘેલા ૩. શક્તિસિંહ જશવંતસિંહ વાઘેલાનાઓની તરફેણમાં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજી રીતે જતો કરેલ હોઇ સદરહુ જમીનમાંથી તેમના હક્ક કમી અંગેનો રજી.દસ્તાવેજ નં.૨૬૩૭ થી તા.૨૪/૦૧/૨૦૨૨ નારોજ કરી આપતા સદરહુ જમીનમાંથી તેમના હક્ક કમી અંગેની નોંધ નં.૭૯૯૨ થી તા.૧૦/૦૨/૨૦૨૨



Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા પડેલ અને તા.૨૩/૦૩/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં બિનલ મહોબતસિંહ વાઘેલા તે વિશાલસિંહ ચાવડાની પત્નીએ સદરહુ સર્વે નં.૧૨/૨ કુલ ક્ષેત્રફળ ૩૨૩૮ જમીન પૈકીની ૧.૧. ૧૬૧૮.૫૦ ચો.મી જમીનમાંથી પોતાનો હકક હિત હિસ્સાની જુની શરતની જમીન ૧. મહોબતસિંહ જીવણજી વાઘેલા ૨.ભાવનાબેન મહોબતસિંહ વાઘેલા ૩. પ્રદિપસિંહ મહોબતસિંહ વાઘેલા ૪. કુલદિપસિંહ મહોબતસિંહ વાઘેલા નાઓની તરફેણમાં પોતાનો હકક હિસ્સો બિનઅવેજી રીતે જતો કરેલ હોઈ સદરહુ જમીનમાંથી તેમના હકક કમી અંગેનો રજી.દસ્તાવેજ નં.૨૬૫૨ થી તા.૨૪/૦૧/૨૦૨૨ નારોજ કરી આપતા સદરહુ જમીનમાંથી તેમના હકક કમી અંગેની નોંધ નં.૭૯૯૩ થી તા.૧૦/૦૨/૨૦૨૨ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા પડેલ અને તા.૨૩/૦૩/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં ૧.હેતલબેન પ્રભાતસિંહ વાઘેલા ૨.નીતાબેન પ્રભાતસિંહ વાઘેલા તે રાણા રવિરાજસિંહ લક્ષ્મણસિંહના પત્ની ૩. નિશાબહેન પ્રભાતસિંહ વાઘેલા તે ચાવડા અંકિતસિંહ વિરમસિંહના પત્નીએ સદરહુ સર્વે નં.૧૨/૨ કુલ ક્ષેત્રફળ ૩૨૩૭ જમીન પૈકીની ૧.૧. ૧૬૧૮.૫૦ ચો.મી જમીનમાંથી પોતાનો હકક હિત હિસ્સાની જુની શરતની જમીન નિશાબેન પ્રભાતસિંહ વાઘેલાનાઓની તરફેણમાં પોતાનો હકક હિસ્સો બિનઅવેજી રીતે જતો કરેલ હોઈ સદરહુ જમીનમાંથી તેમના હકક કમી અંગેનો રજી.દસ્તાવેજ નં.૨૬૬૩ થી તા.૨૪/૦૧/૨૦૨૨ નારોજ કરી આપતા સદરહુ જમીનમાંથી તેમના હકક કમી અંગેની નોંધ નં.૭૯૯૬ થી તા.૧૮/૦૨/૨૦૨૨ નારોજ પડેલ અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા પડેલ અને તા.૦૪/૦૪/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં ક્ષતિસુધારણા માટે પ્રભાતસિંહ જીવણજી વાઘેલાએ અરજી કરતા મામલતદારશ્રી ગાંધીનગરના તા.૨૮/૦૪/૨૦૨૨ નારોજ હુકમ નં.IORA/૭૩/૦૬૦૩/૨૦૨૨ થી સુધારા પાત્ર વિગત મુજબ ૧.હેતલબેન પ્રભાતસિંહ વાઘેલા ૨.નીતાબેન પ્રભાતસિંહ વાઘેલા ૩. નિશાબહેન પ્રભાતસિંહ



Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

વાઘેલા ૪. ચેતનાબા જશવંતસિંહ વાઘેલાનુ નામ કમી કરવા અંગેની સુધારા હુકમની નોંધ નં.૮૦૪૮ થી તા.૨૮/૦૪/૨૦૨૨ નારોજ પડેલ છે અને સદર નોંધ સક્ષમ અધિકારી દ્વારા ૦૮/૦૬/૨૦૨૨ નારોજ પ્રમાણિત થયેલ છે.

સદરહુ જમીનમાં સબ-રજીસ્ટાર કચેરી ગાંધીનગરના ઈન્ડેક્ષ-૨ ની માહિતી અને રેકર્ડ મુજબ સદર જમીનમાં રજેસિંહ જવાનજી વાઘેલા અને ઘનશ્યામસિંહ જવાનજી વાઘેલાએ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલને સદર જમીનનો પૈકી ભાગ યાને કુલ ક્ષેત્રફળ ૩૨૩૭ ચો.મી પૈકી ૧.૧ ક્ષેત્રફળ ૧.૧. ૧૬૧૮.૫૦ ચો.મી. જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૦૧૨૮ થી તા.૦૯/૦૮/૨૦૧૯ નારોજ વેચાણ આપેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાંથી ટી.પી.સ્કીમ-૮ માં સમાવેશ થતા ફાળવાયેલ ફાયનલ પ્લોટ નં.૯ ની ૨૦૮૭ ચો.મી. જમીન પૈકી ૧.૧. ૧૦૪૩.૫૦ ચો.મી જમીનમાંથી તખુબેન તે જીવણજી મહોતજી વાઘેલાના વિધવા પત્ની અને મનહરબા જીવણજી મહોતજી વાઘેલાની પુત્રી અને ભીખુસિંહ રાઠોડના પત્નીએ હકક કમી (ફારગતી) લેખ રજી.દસ્તાવેજ નં.૩૬૫૩૮ થી તા.૩૦/૧૦/૨૦૨૧ નારોજ પ્રભાતસિંહ જીવણજી વાઘેલા, જસવંતસિંહ જીવણજી વાઘેલા અને મહોબતસિંહ જીવણજી વાઘેલાનાઓની તરફેણમાં કરી આપેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન સર્વે નં.૧૨/૨ જેનુ ક્ષેત્રફળ ૩૨૩૭ ચો.મી. પૈકી ૧.૧. ક્ષેત્રફળ ૧૬૧૮.૫૦ ચો.મી જેનો ટી.પી. નં-૮ (સરગાસણ) માં સમાવેશ થતા ફળવાયેલ ફાયનલ પ્લોટ નં.૯ ની ૨૦૮૭ ચો.મી. જમીન પૈકી ૧.૧. ૧૦૪૩.૫૦ ચો.મી. વાળી જમીન પૈકી ૧૦૪.૩૫ ચો.મી. જમીનમાંથી મૈયત શણગારબા તે જીવણજી મહોતજીના બહેન અને પ્રતાપજી ગલાબજીના ઝાલાના પત્નીના વારસદારો દલપતસિંહ પ્રતાપસિંહ ઝાલા, રણજીતસિંહ પ્રતાપસિંહ ઝાલા, વિક્રમજી પ્રતાપજી ઝાલા, ભરતજી પ્રતાપજી ઝાલા, લીલાબા તે પ્રતાપજી ગલાબજી ઝાલાના પુત્રી અને લાખુભા વાઘેલાના પત્ની, વિષ્ણુબા તે પ્રતાપજી ગલાબજી ઝાલાની પુત્રી

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

અને ચંદુભા વાઘેલાના પત્ની, નરેન્દ્રસિંહ ચંદુભા જાડેજા, જયેન્દ્રસિંહ ચંદુભા જાડેજા, ધરમબા તે ચંદુભા જાડેજાના પુત્રી અને મનુભા ગોહિલના પત્ની, સરોજબા તે ચંદુભા જાડેજાના પુત્રી અને પ્રકાશસિંહ ચુડાસમાના પત્નીનાઓએ સદર જમીનમાંથી પોતાનો હિસ્સો પ્રભાતસિંહ જીવણજી વાઘેલા, જસવંતસિંહ જીવણજી વાઘેલા અને મહોબતસિંહ જીવણજી વાઘેલાની તરફેણમાં રજી.દસ્તાવેજ નં.૩૬૫૪૦ થી તા.૩૦/૧૦/૨૦૨૧ નારોજ ફારગતી લેખ નોંધાયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન સર્વે નં.૧૨/૨ જેનુ ક્ષેત્રફળ ૩૨૩૭ ચો.મી. પૈકી વ.વ. ક્ષેત્રફળ ૧૬૧૮.૫૦ ચો.મી જેનો ટી.પી. નં-૮ (સરગાસણ) માં સમાવેશ થતા ફળવાયેલ ફાયનલ પ્લોટ નં.૯ ની ૨૦૮૭ ચો.મી. જમીન પૈકી વ.વ. ૧૦૪૩.૫૦ ચો.મી. રહેણાકીય ઉપયોગી બિનખેતીની જમીન પ્રમુખભાઇ ડાહ્યાભાઇ પટેલએ પ્રભાતસિંહ જીવણજી વાઘેલા, જસવંતસિંહ જીવણજી વાઘેલા અને મહોબતસિંહ જીવણજી વાઘેલાને રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૩૦૬ થી વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ તા.૨૦/૦૧/૨૦૨૨ નારોજ નોંધાયેલ છે અને સદર રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૩૦૬/૨૦૨૨ અન્વયે સુધારાલેખ દસ્તાવેજ નં.૫૬૭૫ થી તા.૧૫/૦૨/૨૦૨૨ નારોજ નોંધાયેલ છે.

ત્યારબાદ જત રજી. ડીસ્ટ્રિક્ટ તથા સબ-ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના મોજે-સરગાસણ ગામની સીમના ખાતા નં.૧૬૬૩ ના સર્વે નં./બ્લોક નં.૧૨/૨ જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૩૨-૩૭ (૩૨૩૭ ચો.મી.)જમીન જેનો મુસદ્દારૂપ નગર રચના યોજના(ટી.પી.સ્કીમ) નં.૮(સરગાસણ)માં સમાવેશ થતા ફાળવાયેલ ફાયનલ પ્લોટ નં.૯ મુજબ ૨૦૮૭ સમ ચો.મી રહેણાંક હેતુની બિન-ખેતીની જમીન શ્લોકમ ડેવલોપર્સ પ્રા.લી એ રજી.વેચાણ દસ્તાવેજ નં.૫૭૩૬ થી તા.૦૭/૦૨/૨૦૨૩ નારોજ વેચાણ રાખેલ છે અને સદર જમીનમા વેચાણ નોધ નં.૮૨૩૭ થી તા.૧૩/૦૨/૨૦૨૩ નારોજ થયેલ છે જે નોધ તા.૧૩/૦૩/૨૦૨૩ નારોજ પ્રમાણિત થયેલ છે.

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com

જેથી સદરહુ જમીન હાલના રેવન્યુ રેકર્ડ તેમજ સબ-રજીસ્ટાર કચેરી ખાતેના શોધની માહિતી મુજબ શ્લોકમ ડેવલોપર્સ પ્રા.લીના માલીકી કબજા-ભોગવટાની અને સ્વતંત્ર નામે ચાલે છે.

(૩) સદર જમીનમાં મહેસુલ બાકી હોવા સંબંધે રેવન્યુ રેકર્ડ સદરહું જમીનમાં કોઇ ફેરફાર જણાઇ આવતો નથી.તેમજ સદરહું જમીન બાબતે ગ્રામ પંચાયત કે સરકારના તારણથી મુક્ત હોવાનુ ખંડનીય અનુમાન કરવા પાત્ર છે.તેથી તેટલી હકિકત માનવાને પાત્ર છે.

(૪) ઉપરોક્ત હકિકત હોવા છતા સદરહું જમીનમાં કોઇ વ્યક્તિના ખાનગી હક્કો સંબંધે જરૂરી તપાસ કરવા માટે એક જાહેર નોટીસ તા.૧૪/૦૩/૨૦૨૩ના રોજ "સંદેશ" દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરાવેલી જે જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને સદરહુ જમીનમાં કોઇપણ ઈસમના લાગ-ભાગ,હક્ક-હિત હિસ્સો કે અલાખો,ખોરાકી-પોષાકીના હક્કો કે અન્ય કોઇનો બોજો,લીયન હોય તો તેની જાણ કરવા અને તે અંગેના વાંધાઓ આપવા નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં રજુ કરવા સારૂ જણાવેલ જે અનુસંધાનમા આજદિન સુધી કોઇ પણ ઈસમનો કોઇ પણ જાતનો વાંધો-વિરોધ કે તકરાર હોવાની વિગત રજુ થયેલી નથી.

(૫) ત્યારબાદ સદરહું જમીન અંગે અમોએ તા.૨૩/૦૩/૨૦૨૩ નારોજ સબ-રજીસ્ટ્રારશ્રી,ગાંધીનગર કચેરી ખાતે સને-૧૯૯૩ થી સને-૨૦૨૩ સુધી સર્ચ કરેલ.જેની સર્ચ પાવતી નં.૨૦૨૩૦૪૮૦૦૦૨૩૨૭૫,અરજી નં.૮૮૦૧થી તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ મળેલ છે.જેમાં સને-૧૯૯૩ થી સને-૨૦૦૬ સુધીનું રેકર્ડ જર્જરીત/નાશ થયેલ છે.તેથી તેટલું રેકર્ડ બાદ કરતા સર્ચ રીપોર્ટ મેળવેલ છે.

આમ,ઉપરોક્ત રેવન્યુ રેકર્ડ તેમજ સબ-રજીસ્ટ્રાર કચેરી,ગાંધીનગરના સર્ચ રીપોર્ટને ધ્યાને લઈ સદર જમીન ટાઇટલ ક્લિયર અને માર્કેટેબલ હોવાનું પ્રમાણપત્ર નીચે મુજબ આપેલ છે.

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**YOGESH M.BRAHMBHATT**
B.com,L.L.B
ADVOCATE & NOTARY
GUJ. HIGH COURT
En.No.G/482/1985
Mo.No.9898021670

Office Address: B/15, Radhe Arcade,Nr.SBI Bank,Kudasan
Ta. & Dist. Gandhinagar
Email:ymbrahmbhatt2205@gmail.com


# ટાઈટલ સર્ટીફીકેટ

મોજે-સરગાસણ તા.જી.ગાંધીનગરની સીમના રે.સર્વે નં.૧૨/૨ની હે.આરે.ચો.મી ૦-૩૨-૩૭ (૩૨૩૭ ચો.મી.)વાળી જમીન જેનો ટી.પી સ્કીમ નં.૦૮(સરગાસણ)મા સમાવેશ થતા ફાયનલ પ્લોટ નં.૦૯ મુજબ ફાળવાયેલ ૨૦૮૭ ચો.મી બિન-ખેતીની જમીનના માલિક/કબ્જેદાર શ્લોકમ ડેવલોપર્સ પ્રા.લીની તરફેણમાં નીચે જણાવેલ વિષયને આધિન સદર જમીનના રાઈટ્સ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે જેનો અભિપ્રાય આપેલ છે.

વિષય :- (૧) લેન્ડ રેવન્યુ કોડ તથા રૂલ્સ તથા ગણોતધારાના પ્રબંધોને આધિન
(૨) સરકાર તથા તેમની સંસ્થાના લેણાને આધિન

તા.૨૩/૦૩/૨૦૨૩

Y.M.BRAHMBHATT
NOTARY
GOVT.OF GUJARAT

**Yogesh M. Brahmbhatt**
**Advocate**
**B/15, Radhe Arcade,Nr.SBI Bank,**
**Kudasan,Ta.&Dist.Gandhinagar.**
**Mo.No.9898021670**